

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ખાલી જગ્યા પર ઈન્ચાર્જથી ચાલે છે વહીવટ,*
*ખાનગી એજન્સીની ધાકથી, ચાલે છે વહીવટ,*
*કપડાં ખંખેરી ઉઠવાના, તાલે છે વહીવટ!*
*ટોચ પર છે ભ્રષ્ટાચાર, ને ખાડે છે વહીવટ!*

### હાઈકુ

*અદ્ધર તાલે -*
*વહી વિનાનો વટ,*
*કોંટ્રેક્ટ પર*

*‘હસે’ હસે થી*
*થાય છે વહીવટ*
*બધી બાબતે...*

### ચિંતન

***સર્વેષામેવ લોકાનાં યથા સૂર્યઃ પ્રકાશકઃ ।***
***ગુરુઃ પ્રકાશકસ્તદ્વરિચ્છષ્યાણાં બુદ્ધિદાનતઃ ॥***

**ઉપરોક્ત શ્લોક અધ્યાત્મરહસ્ય માંથી લેવામાં આવેલ છે.**

**જેમ સૂર્ય સર્વ લોકોને પ્રકાશક છે તેમ ગુરુ શિષ્યોને બુદ્ધિનું દાન કરી જ્ઞાન પ્રકાશથી પ્રકાશિત કરે છે.**

**સૂર્ય દિવસે, ચંદ્ર રાત્રે અને દીવો કેવળ ઘરમાં પ્રવેશ કરે છે, પરંતુ ગુરુ શિષ્યના હૃદયમાં હંમેશા પ્રકાશ ફેલાવે છે, તે શિષ્યના અજ્ઞાનાંધકારનો નાસ કરે છે, જેથી શિષ્યો માટે ગુરુ જ સર્વોત્તમ તિર્થ છે. ગુરુ સૂર્ય છે તેમના વચન કિરણસમૂહ છે, સાધન રહિત જીવોનો ઉદ્ધાર કરવા માટે નરરૂપ ધારણ કરીને ગુરુ શિષ્યનો ઉદ્ધાર કરે છે, મહામોહ દૂર કરે છે.**

**અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશમાં લઈ જાય તે ગુરુ, તામસી સ્વભાવ સાત્ત્વિક તરફ લઈ જાય તે ગુરુ દુર્બુદ્ધિમાંથી જ્ઞાની બનાવે તે ગુરુ...**

### સુવિચાર

- લેખક એટલે મનુષ્યના આત્માનો ઈજનેર - **જોસેફ સ્ટાલિન**
- લુચ્ચાઈ એટલે અશક્તિમાન માટે છુપાવાની જગ્યા - **ચેસ્ટર ફિલ્ડર**
- રાજાનો સ્વભાવ પવન જેવો છે, અને પ્રજાનો સ્વભાવ ઘાસ જેવો છે, ઘાસ પવનની દિશાએ નમવાનું જ. રાજા, જો સત્યને અનુસરશે તો વગર શાસને લોકો પણ તેની અસર થશે, નહી તો તેના બધા હુકમ નિષ્ફળ જશે - **કન્ફ્યુશિયસ**
- યુદ્ધનું એલાન એ માણસના ડહાપણની નિષ્ફળતાની જાહેરાત છે - **એન્ડ્રુ લો**
- ગઈકાલે તમને શાની ચિંતા હતી એ ભુલાવી દે એવી નબળી યાદશક્તિ એ સારામાં સારી યાદશક્તિ કહેવાય - **વીલ સેમ્યુઅલ્સ**
- જે મોટો છે તે બેધડક નાનાની સાથે ચાલે છે, જે મધ્યમ છે તે આઘો રહે છે - **ટાગોર**
- આજનું ઔષધ : ટેટીના શરબતમાં લીંબુ કે નારંગીનો રસ રોજ પીવાથી વાઈના દર્દમાં લાંબેગાળે લાભ થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રોજર ક્રેફોર્ડ એક્ટોડેક્ટિલિઝમ રોગથી પીડાતો હતો. એક લાખ બાળકોમાંથી એક બાળકને આવો રોગ જોવા મળે છે. જેમાં ડૉકટરોએ રોજર માટે એવું નિદાન કર્યું હતું કે કયારેય તે ચાલી નહીં શકે.

રોજના માતા-પિતા એને ખૂબ પ્રોત્સાહિત કરતા. એને મન ગમતી પ્રવૃત્તિ કરવા છૂટ આપતા. રોજરને કૃત્રિમ પગ બેસાડ્યા પછી રોજર સામાન્ય બાળકની જેમ શાળાને જતો અને ફુટબોલ પર રમી શકતો. એના પિતાએ પણ ફુટબોલ શીખવવા માટે તેને એકેડમીમાં મૂક્યો. બાર વર્ષની ઉંમરે એણે ફુટબોલની મેચમાં ભાગ લીધો. એ દિવસે ફુટબોલ રમતા રમતા ગોલ તરફ દોડ્તો હતો ત્યાં વિરોધી ટીમના ખેલાડીની ટક્કર વાગતા ડાબો પગ જે નકલી હતો તે નીકળી ગયો. પેલો ખેલાડી પણ રોજરની ફુટબોલની રમતને સલામ કરી રહ્યો. કૉલેજમાં રોજરે ટેનિસ રમવાનું શરુ કર્યુ. આજે તે ટેનિસની રમતમાં પણ ઊંચું સ્થાન ધરાવે છે. વિશ્વમાં સૌ પ્રતમ વિકલાંગ ટેનિસ ખેલાડી તરીરે રોજરને અમેરિકન સરકાર પણ ટેનિસની રમતમાં આગળ વધવા સ્પેશિયલ ફંડ આપે છે.

રોજર ક્રેફોર્ડ કહે છે તમારી શારીરિક હાલત ગમે તેવી હોય પણ જો તમે મનોબળ મજબૂત રાખી મહેનત કરશો તો મારી જેમ આગળ વધી શકો છો.

# બાબાસાહેબ રાષ્ટ્રીય નેતા છે

**તંત્રીસ્થાનેથી...**

દેશને ખરી આઝાદી ત્યારે મળી કહેવાય જયારે એના દરેક નાગરિકને સમાન મૂળભૂત અધિકારો પ્રાપ્ત થાય. ગાંધીજી આઝાદી કરતાં પણ વધુ ઉગ્ર રીતે અસ્પૃશ્યતા નિવારણનો રચનાત્મક કાર્યક્રમ ચલાવતા હતા. પોતાને ‘વણકર’ તરીકે ઓળખાવતા હતા અને ભંગી કૉલોનીમાં રહેતા હતા. આઝાદીની ચળવળ વખતે મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળ અંગ્રેજ રાજ સામે રાષ્ટ્રવ્યાપી આક્રોશ ફેલાયો હતો અને ‘કરેંગે ય મરેંગે’ જેવું સૂત્ર આપી દેશની પ્રજાને એક જ મુદ્દા પર ગાંધીજીએ સહમત કરી હતી : આપણે આપણું ફોડી લઈશું. અંગ્રેજોને કાઢો. આ આંદોલનમાં ઊભી તિરાડ પાડવાના બ્રિટીશ મુત્સદ્દીઓના ઈરાદાની પણ ગાંધીજીને ગંધ આવી ગઈ હતી. ભારતને તેઓ ત્રણ ટુકડાઓમાં વેરવિખેર કરી દેવાનો બદઈરાદો ધરાવતા હતા. હિંદુ અને મુસલમાન શરુઆતમાં તો ખભે ખભા મિલાવીને આઝાદીની લડાઈ લડ્યા, પરંતુ લડાઈ જયારે નિર્ણાયક તબક્કે પહોંચી ત્યારે પાકિસ્તાનની માગણી સાથે મહમદ અલી ઝીણા અને મુસ્લિમ લીગના આગેવાનો કોંગ્રેસને હિંદુઓની પાર્ટી ગણાવી છેલ્લે પાટલે બેસી ગયા. અંગ્રેજો આવી જ ચાલ દલિતોના નામ પર પણ રમવા માગતા હતા. બાબાસાહેબ ભીમ રાવ આંબેડકરને હાથો બનાવવાની એમની ચાલ નિષ્ફળ ગઈ અને દેશ વેરવિખેર થતો બચી ગય. ડૉ. બાબા સાહેબ આંબેડકરનો એ ઉપકાર ગાંધીજી મરતે દમ તક ભૂલ્યા ન હતા. એથી અનેક મુદ્દે મતભેદ ધરાવતા હોવા છતાં જયારે દેશનું બંધારણ ઘડવાની વાત આવી ત્યારે ડ્રાફ્ટિંગ કમિટીના ચેરમેન તરીકે ગાંધીજીએ વિદેશી તજજ્ઞની સેવાઓ લેવા માગતા નહેરુને વાર્યા હતા અને એ જવાબદારી ડૉ. બી.આર. આંબેડકરને સોંપાઈ હતી. આંબેડકરની લડત પોતાના દીનહીન દલિત સમાજને યુગોથી સહન કરવી પડતી વેદનામાંથી મુક્તિ અપાવવા માટેની હતી. એ માટે એમણે પોતાની અંગત કારકિર્દીનો ભોગ આપી સમાજસેવાનો ભેખ ધારણ કર્યો હતો. એમને સમાજને શિક્ષિત બનવાની, સંગઠિત બનવાની અને પોતાના વાજબી અધિકારો માટે સંઘર્ષ કરવાની હાકલ કરીને એ સર્વહારા સમુદાયમાં નવી આશાનો અને શક્તિનો, આત્મવિશ્વાસનો સંચાર કર્યો હતો. આથી બાબાસાહેબને ‘દલિતોના મસીહા’ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી, પરંતુ એ માત્ર દલિતોના દાયરામાં સીમિત કરી દેવા તે એમની પ્રચંડ રાષ્ટ્રીય પ્રતિભાની અવમાનના જ ગણાશે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે આયુષ્યના અંતિમ તબક્કે બૌદ્ધ ધર્મ સ્વીકારીને દેશની બહુમતી પ્રજાને જે આડકતરો સંકેત આપ્યો હતો. તેની પણ નોંધ લેવી જ રહી. બંધારણના ઘડવૈયા તરીકે એમણે નાદુરસ્ત તબિયત વચ્ચે રાતદિવસના ઉજાગરા વેઠીને જે ભવ્ય કામગીરી બજાવી હતી તેની મિસાલ દુનિયાના ઈતિહાસમાં જડવી મુશ્કેલ છે. આંબેડકર જયંતી પ્રસંગે દરેક રાજકીય પાર્ટી આંબેડકરને પોતાના રંગે રંગવા પ્રયાસ કરશે. આંબેડકરને કોંગ્રેસ કે આર.એસ.એસ. સાથે સ્નાનસૂચકનો સંબંધ નહોતો. એ માત્ર અને માત્ર રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને નાગરિક માત્રના સમાન અધિકારના પ્રખર પ્રવક્તા હતા. એમને ફક્ત ‘ભારત રત્ન’ આપી દેવાથી એમના પ્રદાનની કદર થઈ ગઈ એમ માનવું એ પણ ગંભીર ભૂલ છે. એ વિશ્વ માનવ હતા, ‘માનવરત્ન’ હતા, વીસમી સદીના બુદ્ધપુરુષ હતા જે બીજાઓના દુઃખે દુઃખી થયા અને એ સર્વહારા સમુદાયનાં દુઃખોનું નિવારણ કરવા જીવનભર ઝઝૂમ્યા.

# ‘અબ તો દિન મુકરર કીજિયે’-ની એક ખેડૂતની વિનંતી ગાંધીજીને ચંપારણ સત્યાગ્રહમાં દોરી ગઈ



## ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

## તીનકઠિયાનો કાયદો - ગાંધીજી અને ખેડૂત રાજકુમાર શુક્લની યાદો ચંપારણ સત્યાગ્રહની યશગાથા

ચંપારણ જનક રાજાની ભૂમિ છે. ચંપારણમાં જેમ આંબાના વન છે તેમ સને ૧૯૧૭માં ગળીના ખેતરો હતા. પોતાની જમીનના ભાગમાં ચંપારણના ખેડૂતો ગળીનું વાવેતર તેના મૂળ માલિકોને સારું કરવા કાયદેથી બંધાયેલા હતા. આનું નામ ‘તીનકઠિયા’ કહેવાતું હતું. વીસ કઠાનો ત્યાંનો એક એકર ને તેમાંતી ત્રણ કઠાનું વાવેતર એનું નામ તીનકઠિયાનો રિવાજ. - ગાંધીજીએ એમની આત્મકથામાં ચંપારણ સત્યાગ્રહ વિશે જે લખ્યું છે તેની શરુઆતનો આ પહેલો ફકરો છે.

ચંપારણ સત્યાગ્રહની શતાબ્દિ ઉજવણી આ વર્ષે પૂર્ણ થઈ છે એ સમયે ગાંધીના ભારતમાં આવીને કરેલા સૌથી પહેલા સત્યાગ્રહની વિગતો જોવા જેવી છે. ગાંધીજી લખે છે, ‘હું ત્યાં પહોંચ્યો એ પહેલાં ચંપારણના નામનિશાન જાણો ન હતો. ગળીનું વાવેતર થાય છે એ ખ્યાલ પણ નહીં જેવો જ હતો. ગળીની ગોટીઓ જોઈ હતી પણ એ ચંપારણમાં બનતી હશે ને તેને અંગે હજારો ખેડૂતોને દુઃખ વેઠવું પડતું હતું એની કશી ખબર ન હતી.’

ખેડૂતો પાસે કાયદાના સહારે નીલવરો ફરજિયાર ગળીને ખેતી કરાવે છે એને પરિણામે ખેતીની જમીન અને ખેડૂત પાયમાલ થાય છે એવી ફરિયાદ લખીને ચંપારણ, બિહારના એક ખેડૂત રાજકુમાર શુક્લ ગાંદીજી પાસે આવ્યા હતા. લખનૌ ખાતેના અધિવેશનમાં તેમની સમક્ષ તેમની ‘તીનકઠિયા’ ના કાયદાની બાબતે દુઃખ વ્યક્ત કર્યું હતું.

ચંપારણ તિરહુત વિભાગનો જિલ્લો અને મોતીહારી તેનું મુખ્ય શહેર એની નજીકમાં બેતિયા આવેલું છે.

‘ગળીની ખેતીની વિપદા’ ગાંધીને સંભળાવવા અને સમજાવવા આવેલા ખેડૂત રાજકુમાર શુક્લ બેતિયાની નજીક રહેતા હતા. તેમની આસપાસ રહેતા ખેડૂતો વધારે પ્રમાણમાં રંક હતા. આ મુશ્કેલી રાજકુમાર શુક્લએ ગાંધીજી પાસે પહેલીવહેલી વાર લખનૌમાં રજૂ કરી હતી.

ગાંધીજી આત્મકથામાં લખે છે, ‘લખનૌની સભામાં હું ગયો ત્યારે આ ખેડૂતો મારે કેડો પકડ્યો. વકીલ બાબુ આપકો સબ હાલ બતાયેંગે, એમ કહેતા જાય અને મને ચંપારણ જવાને નોતરતા જાય.’ - રાજકુમાર શુક્લ જે વકીલ બાબુનો ઉલ્લેખ કરતા હતા એ વકીલ એટલે વ્રજકિશોર બાબુ, એમને રાજકુમાર જયારે ગાંધીજીના તંબુમાં લઈ આવ્યા. ચંપારણના ખેડૂતો પર પડેલા ‘ગળીની ફરજિયાત ખેતીના કારમા ડાઘ’ની કૅફિયત રજૂ કરવા માટે. નિર્દોષ ખેડૂત તો પોતાની અભણ સ્થિતિમાં ગાંધીજીનો સમજાવવાને બદલે એક ભણેલો વકીલ સમજાવે એમ જ લઈ આવ્યા હતા. પણ ગાંધી ઉપર વકીલ બાબુની કંઈ સારી છાપ ન પડી. એમને માની લીધું કે ભોળા ખેડૂતને લૂંટનાર આ કોઈ વકીલ હશે!

ગાંધીજીએ ચંપારણની હકીકત તેમની પાસેથી ગાંધીજીએ થોડી ઘણી જાણી.

અને તેમના રિવાજ પ્રમાણે જવાબ આપ્યો, ‘જાતે જોયા વિના આ વિષય ઉપર હું કંઈ અભિપ્રાય ન આપી શકું. તમે મહાસભામાં બોલજો. મને તો હમણાં છોડી જ દે જો. રાજકુમારને મહાસભાની મદદ જોઈતી હતી. એ મહાસભાના સંમેલનમાં બ્રજકિશોર બાબુએ પંચારણની વેદનાને વાચા આપી અને દિલસોજીનો ઠરાવ પણ થયો.’

ચંપારણનો કિસ્સો ગાંધીજી સમક્ષ મૂકનાર ખેડૂત રાજકુમાર શુક્લ આ રીતે મહાસભામાં પ્રશ્ન રજૂ થયો તેનાથી તો ગાંધીજીને ચંપારણના ખેડૂતોનું દુઃખ ત્યાં લઈ જઈને દેખાડવા માગતા હતા. એટલે ગાંધીજીને ચંપારણ આવવા આગ્રહ કરતા રહ્યા. ગાંધીજીએ તેમના ભારત ભ્રમણમાં ચંપારણને લેવાની ખાતરી આપી અને એક બે દિવસ આપીશ તેમ કહ્યું, ત્યારે એ ખેડૂતે કહ્યું ‘એક દિન કાફી હોગા, નજરોં મેં દેખિયો તો સહીં.’

ગાંધીજી લખનૌ મહાસભાના સંમેલન પછી કાનપુર ગયા તો ત્યાં પણ રાજકુમાર શુક્લ હાજર થઈ ગયા. ગાંધીજીને ફરી વિનંતી કરી ‘યહાં સે ચંપારણ બહોત નજદીક હૈ, એક દિન દે દો.’ પણ સત્યપાલન અને સમયપાલનના પાલક મહાત્મા ગાંધીને તો ‘હમણાં મને માફ કરો, પણ હું આવીશ જરૂર -’ એટલું વચન તો તેમણે મેળવી જ લીધું. ખેડૂતના સ્થળ તપાસે આવવાની વારંવારની વિનંતીથી ગાંધીજી ચંપારણ જવા વચને બંધાઈ ગયા એવું ખુદ તેમને જ કહ્યું છે.

અનુસંધાન પાના નં ૭ પર

# આપણાં સદાબહાર સર્જક : સરોદ



## ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

સરોદ કહે છે. આ રે
કાયામાં પલટાયું
દેહ પડ્યે તો દફનાવું
લગન એવી લગવી દેવી
આપ અગનરૂપ થાવું.

મરણ તો માનવ માત્રના થાય છે. કુદરતનો એ જ નિશ્ચિત ક્રમ છે. પરંતુ સંતો-કવિઓ તથા સર્જકો કહી મૃત્યુ પામતા નથી. અવધિ પૂરી થાય ત્યારે શરીરતો તેનો ધર્મ પાળે અને વિલિન થાય પરંતુ સર્જકે કરેલું સાહિત્ય નિર્માણ ચિરકાળ જીવંત રહે છે. ભર્તુહરી મહારાજે પણ આ વાતનું સમર્થન કરતા કહેલું છે કે કવિઓના સર્જનને જરા-મરણનો ભય નથી. આથી ‘સરોદ’ ગયા. આપણાં દુર્ભાગ્યે અણચિંતવ્યા અને ઓચિંતા ગયા.પરંતુ તેમની વિશાળ તથા વૈવિધ્યસભર રચનાઓ થકી આપણી વચ્ચે આજે પણ જીવંત રહેલા છે. મહેકતા અને ગહેકતા રહેલા છે. વ્યવસાયે આમ તો કાયદાના માણસ પરંતુ ભજન વાણીના તેઓ ઉદગાતા હતા. કવિ સરોદ/ગાફિલ-મનુભાઈ ત્રિવેદી-એપ્રિલની નવમી તારીખે ૧૯૭૨ મા સૌના અચંબા અને આઘાત વચ્ચે નીકળી ગયા. જયમલ્લ પરમારે તેમને ‘‘સતજુગિયો સાંઈ’’ કહેલા છે. આ સમર્થ સર્જકની કાવ્ય કીર્તિ યુગો સુધી પ્રસરતી રહે તેવી છે.

સરોદના ભજનો તથા ગઝલો તો લોકહૈયે વસેલા છે. અનેક કાર્યક્રમોમાં સરોદની રચનાઓ ગવાતી રહે છે અને સતત ઘૂંટાતી રહે છે. સરોદની કેટલીક વાર્તાઓનો સંગ્રહ ‘‘વેરાનમાં ચંદનવન’’ની વાર્તાઓ જોતા સરોદના સર્જનની એક જુદી પણ અનોખી વાર્તાશૈલીનું દર્શન થાય છે. (પ્રકાશક:પ્રકાશન પ્રવીણ) સરોદની વાતનો વિષયની તેની માંડણી તથા નાની સરખી કથાનો સંદેશ પણ માનવ મનના અનેક ભાવ સ્વરૂપોનું ભાતીગળ દર્શન કરાવી જાય છે. આ સંગ્રહમાં સ્વામિનારાયણ સંપ્રદાય સાથે તન-મનથી જોડાયેલા એક જાણીતા સાધુની વાત જે સરોદે લખી છે તે મોહક તથા રુચિપૂર્ણ છે વાતની કથા કંઈક આવી છે.

ધોલેરા સ્વામિનારાયણના પ્રાચીન મંદિરમાં એક સાધુ પ્રભુ સ્મરણમાં મગ્ન થઈને બેઠા છે. સાધુ કૃષકાય છે એટલું જ નહિ પરંતુ શરીરે જે ગરમી ફૂટી નીકળી છે તે પણ કષ્ટદાયક છે. પરંતુ છતાં આ સાધુના મોં પર શાંતિ તથા આંખોમાં સ્વસ્થતા છે. આ સાધુ એ સંપ્રદાયના સુવિખ્યાત સાધુ નિષ્કુળાનંદ સ્વામી છે. વૈરાગ્ય જેમના રોમેરોમ પ્રસરી ગયો છે તેવા આ સન્યાસીને શારીરિક અશાંતિ ખલેલ પહોંચાડી શકતી નથી. મંદિરમાં પ્રભુની મૂર્તિ સામે ધૂન ચાલે છે. સ્વામી ધૂનના સ્થળેથી થોડે દૂર બેઠા હોવા છતા સંપૂર્ણ આંતર-બાહ્ય ભાવ સાથે ધૂનની મસ્તીમાં પરોવાયેલા છે. નિષ્કુળાનંદ સ્વામીને જાણ થાય છે કે તેમની શારીરીક વ્યાધિઓ સમી જાય તથા પીડા ઓછી થાય તે માટે સાધુઓ તથા સત્સંગીઓ ધૂન કરે છે. સ્વામીજી આ વાત જાણ્યા પછી હળવા પગલે જે સ્થળે ધૂન ચાલે છે. ત્યાં જવા ડગ માંડે છે. શારીરિક તકલીફોની વેદનાની જાણે કે આ સન્યાસીને કોઈ તમા ન હોય તેમ તેઓ દર્શનખંડમાં ચાલતી ધૂનના સ્થળે જાય છે. સતસંગ સભામાં આ કૃષકાય સાધુ ધીરગંભીર અવાજે ધૂનમાં લીન છે. તેવા સૌ ભકતોને કહે છે:‘‘ શ્રીજીમહારાજના વહાલા આત્માઓ! આ નિષ્કુળાનંદને તેમ પંચમહાભૂતનુ ખોળિયુ માત્રતો નથી સમજતાંને! જો એમ હોય તો ખોળિયાનો આવિર્ભાવ થયો તે પહેલા નિષ્કુળાનંદ કયાં હતો?’’ જે નાશવંત છે તેવા ખોળિયાની માયા છોડીને સ્વામી સૌ સત્સંગીઓને અખિલ વિશ્વના કલ્યાણની પ્રાર્થના કરવાનું કહે છે. ખોળિયા તો આવતા-જતા રહેશે. બદલાતાં પણ રહેશે. આ તો અનાદિનું પરિભ્રમણ છે તેમ આ સ્વામી સહેજમાંજ સમજાવે છે. ભગવદગીતાના એક મહત્વના સંદેશની વાત આટલી સરળતા તથા સહજતાથી સમજાવવાની આવી શકિત આપણાં સંતોમાં જોવા મળી છે.‘‘ ત્યાગ ટકે ન વૈરાગ્ય વિના’’ જેવી વાણીના ઉદગાતા સંત નિષ્કુળાનંદ જ શરીરની અસહ્ય વ્યાધિઓ સામે આવુ સ્વસ્થ વલણ લઈ શકે. મનુભાઈની કલમે નિષ્કુળાનંદ દર્શન વિશેષ મોહક તથા રુચિકર બની રહે છે. પરમેશ્વરનો સંગ અને જગતની સારી-નરસી બાબતોનો અંદરથી અસંગ એ સ્થિતિ કોઈ વિરલાજ કેળવી શકે. શારીરિક વ્યાધિઓ વચ્ચે જગતજનની ‘મા’ નુ સાનિધ્ય કેળવીને જીવેલા રામકૃષ્ણદેવના જીવનમાં પણ આજ બાબત જોવા મળે છે. સરોદની કલમે જે કથાઓનું પાત્રાલેખન થયું છે તેમાં તાજગી છે તથા માનવ સ્વભાવના વિવિધ ભાવોનું ભાતીગળ દર્શન છે. હરિની સાખમાં શબ્દપુણ્યો અર્પણ કરીને આ કવિએ જગનો બોજ હળવો કર્યો છે.

સાખી, તારી સાખમાં
લિખતા આવે મોજ,
સરોદ હરિની સાખીએ
ફગવે જગનો બોજ.

પોતાની ઓળખમાં કવિએ ગામના પાદશે નાના એવા મંદિરના ઓટલે રામસાગરના સથવારે ભજન રેલાવતા અલહડબાવાનો દાખલો આપ્યો છે. ઓળખાવાની આ પણ એક અનોખી રીત હશે! ‘‘બુલંદ નહિ પણ ઝીણો સૂર અને સભાન નહિ પરંતુ સૂઝે એવુ ગાન’’ સરોદની રચનાઓની મુદ્દા છે તેવું શ્રી ચંદ્રકાન્ત ટોપીવાળાનું વિધાન યથાર્થ છે. ‘‘વેરાનના ચંદનવન’’માં સરોદે ધાંગધ્રાના રાજવી સામે એક પવિત્ર બ્રહ્મતેજના નૈનિક વિજયનુ સુંદર ચિત્ર આલેખ્યુ છે. બ્રાહ્મણથી ભેટ ન બંધાય તેવા વિચારને વળગી રહી તેમણે રાજયના હૂકમની અવહેલના કરી. સમય આવ્યે રાજવીને પણ મોઢામોઢ સત્યને વળગી રહીને પોતાની વાત નિર્ભયતાથી રજૂ કરી. આવી કથાઓ માનવ હોવાનો ગૌરવભાવ પ્રગટાવે તેવી સબળ છે. સરોદની વાણીનુ પાણી સૂકાય તેવું નથી પરમ તત્વની પ્રસન્નતા તથા જનસમાન્યનો આદર એ કવિની ચિરંજીવી શકિત છે.

જેનો પાણોતિયો ભગવા
એની વાડી બને ન વેરાન
રે
એનો પાણોતિયો
ભગવાન.

# હર્ષદ ચંદારાણા દ્વારા ૧૫મીએ કાવ્ય–ગઝલ પઠન



## સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર ‘દધિ’

● માતૃભાષા ગુજરાતીમાં રસ કેળવાય અને મા ગુર્જરીનું પનોતું - અમોલ સાહિત્ય સદૈવ મધમધતું મહેંકતું અને ધબકતું રહે, તે અંગેના સાહત્યિક કાર્યક્રમો અંતર્ગત ગાંધીનગર સાહિત્યસભાના ઉપક્રમે અમરેલીના ખ્યાતનામ કવિ હર્ષદ ચંદારાણાના કાવ્ય-ગઝલ પઠનનો એક કાર્યક્રમ તા. ૧૫-૪-૧૮ નો રવિવારના રોજ સાંજના ૫.૩૦ વાગે, ડૉ. બાબાસાહેબ આંબોડકર ભવનના સમિતિખંડ, સેકટર-૧૨ ગાંધીનગર ખાતો યોજવામાં આવેલ છે. આ સાહિત્યિક કાર્યક્રમમાં અચૂક પધારવા, સંસ્થાના સર્વેસભ્યો, નગરના મહાનુભાવો, સાહિત્યકારો, રસિકો, ભાવકોનો જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

● કુમારનાં વિવિધ પારિતોષિક અંતર્ગત, સને ૨૦૧૭ના વર્ષ માટે પારિતોષિક અને સુવર્ણચંદ્રક (૧) ભરત દવેનો તેમના ‘ચળવળ નામે નાટક’ માટે સને ૨૦૧૭ નો ‘કુમાર સુવર્ણચંદ્રક’ આપવામાં આવશે જેના નિર્ણાયકો ડૉ. ચંદ્રકાન્ત શેઠ અને હરિકૃષ્ણ પાઠક હતા. (૨) પ્રફુલ્લા વોરાને તેમના ‘વિસ્તરતું નભ’ કાવ્ય માટે ‘કુમાર લેખિકા પારિતોષિક - ૨૦૧૭’ (શ્રીમતી કમલા પરીખ પારિતોષિક) આપવામાં આવશે, જેના નિર્ણાયક બિંદુ ભટ્ટ હતા. (૩) કાલિન્દી પાઠકને તેમના ‘દુર્ગા સપ્તસતી’ લેખ માટે ‘કુમાર આધ્યાત્મિક પારિતોષિક - ૨૦૧૭ (અરવિંદભાઈ ચીમનભાઈ પારિતોષિક) આપવામાં આવશે, જેના નિર્ણાયક તંત્રી ધીરુ પરીખ હતા. સર્વેને ખૂબ ખૂબ અભિનંદનાસહ શુભકામનાઓ.

ભારતીય વિદ્યાભવનો સંસ્થાપક પ્રમુખ કુલપતિ અને સાક્ષર ક.મા. મુનશીજીનો ૪૭મી પુણ્યતિથિના દિનો મુખ્ય કેન્દ્રમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. મહાવિદ્યાલયનાં સંસ્કૃત પ્રાધ્યાપક કે.કે. ઝાએ મુનશીજીના ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યપ્રદાનની વાત કરી હતી. અનુસ્નાતક વિભાગના સહનિર્દેશક ડૉ. પ્રાચી મોઘેએ કુલપતિ મુનશીજીની બુદ્ધિમતા અને વ્યકિતત્વનાં અનેક પાસાંઓને ઉલ્લેખ કર્યો હતો. હિતોસ ત્રિવેદીએ વૈદિક પ્રાર્થના, આભારવિધિ અને કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

● દહેગામ બાર એસો.ના પૂર્વ પ્રમુખ અને જાણીતા એડવોકેટ કે.એન. મહેતા, પોતાના વકીલાતના વ્યવસાય સાથે સાથે કાવ્યમાં પણ રૂચિ ધરાવે છે. તેઓ દ્વારા લિખિત છઠ્ઠા કાવ્યસંગ્રહ ‘પ્રેરણા પથ’ નો વિમોચન અને લોકાર્પણ સમારોહ, દહેગામ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજના હોલમાં યોજાઈ ગયો, જેમાં કે.એન. મહેતા (રાત્રિકવિ) ના આ કાવ્ય સંગ્રહનું ભવ્ય રીતે વિમોચ કરવામાં આવ્યું હતું.

● વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચિંતનપ્રવાહમાંથી તૈયાર કરવામાં આવેલા પુસ્તક ‘ડૉ. બાબાસાહેબ આંબેડકર : વ્યકિત નહીં, સંકલ્પ’નું વિમોચન અને લોકાર્પણ વિધિ તા. ૧૪મીએ ડૉ. આંબેડકર જયંતિના રોજ નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ ભવનમાં માન. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને ઉપરાષ્ટ્રપતિ વૈંકેયા નાયડુના હસ્તે રાખવામાં આવેલ છે. સંવેદના પબ્લિકેશન દ્વારા પ્રકાશિત આ પુસ્તકનું સંપાદન કિશોર મકવાણા દ્વારા કરવામાં આવ્યું છે. વડાપ્રધાન મોદીએ ડૉ. આંબેડકરના સામગ્ર જીવનદર્શનને વ્યકત કરીને, બાબા સાહેબના, શિક્ષણ, વિદેશ નીતિ, કૃષિ, મજદૂર, ઉદ્યોગનીતિ તેમજ આર્થિક બાબતો અંગેના વિચારો આજેય એટલા જ પ્રસ્તુત હોવાનું, આ પુસ્તકમાં ખૂબ વિશદ્ રીતે સમજાવ્યું છે.

● ભારતીય વિદ્યાભવને શ્રીમતી રસિકાબહેન મહેતા (મોમ્બાસા) ની વાર્ષિક શ્રેણીના વ્યકતવ્યનું આયોજન કર્યું હતું. જેમાં ખ્યાતનામ ગુજરાતી કવિ, લેખક અને અનુવાદક ઉદયન ઠાકરે. ‘સામાજમાં સાહિત્યકારની ભૂમિકા’ વિષય પર ગુજરાતીમાં વકતવ્ય આપ્યું હતું. જોની શાહે કાવ્યપઠન કર્યું હતું. અતિરિક્ત નિરદેશ ગિરીશ જાનીએ સ્વ. રસિકાબહેનનો શ્રદ્ધાંજલિ અર્પી હતી અને સ્વ. રસિકાબહેનના યુ.કે. (લંડન) સ્થિત તોમના દીકરા અનો પુત્રવધુ (ભરત અને રેણુ)નો સંદેશ વાંચી સંભળાવ્યો હતો. અનુસ્નાતક અને સાંશોધન વિભાગના સહાયક હિતોશ ત્રિવેદીએ વૈદિક પ્રાર્થના, સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને અંતમાં આભારવિધિ કર્યા હતા.

● એક ઉમદા સર્જક - સાહિત્યકાર કિશોર જાદવનું કિડની ફેઈલ થતાં અવસાન થયું છે. તેમ તોમની દોહિત્રી (નાગાલેન્ડ) દ્વારા જણાવાયું છે. તોઓનું સમગ્ર સાહિત્ય ‘ગુજલીટ’ વેબસાઈટ પર સચવાયેલું છે.

વિશેષમાં વિલાયતના ગુજરાતી કવિ લેખક રામભાઈ એન. પટેલ - ‘રામુ મટવાડકર’ નું ૧૨મી માર્ચ - ૨૦૧૮ ના રોજ વેમ્બલી ખાતે ૯૨ વર્ષની વયે અવસાન થયેલ છે. રામભાઈ નવસારી જિલ્લાના મટવાડ ગામના મૂળ વતની હતા. તોઓએ ખૂબ આફ્રિકામાં પાંદરેક વર્ષ શિક્ષણકાર્ય કર્યુ હતું. અનો કવિતા, વાર્તા, નિબંધ ક્ષેત્રે ખેડાણ કર્યુ હતું. બંને સદ્ગત પુણ્યાત્માઓનો હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ સાહ શ્રદ્ધાસુમન અર્પણ.

- muljibhaidadhi@gmail.com